RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 175 * Date: 15.04.2025,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# કોઈ બાકાત નહીં રહે, તમામ દેશ સામે ટેરિફ : ટ્રમ્પ



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કોઈપણ દેશને ટેરિફમાંથી મુક્તિ ન મળવાની સ્પષ્ટતા આપી દીધી છે. તેમણે હાલમાં જ ૬૦થી વધુ દેશોને ૯૦ દિવસ સુધી રેસિપ્રોકલ ટેરિફ મામલે રાહત આપી હતી. ગઈકાલે ટ્રમ્પે ફરી જાહેરાત કરી સ્પષ્ટતા આપી હતી કે, અયોગ્ય વેપાર કરતાં દેશોને માફી મળશે નહીં, તેમણે ટેરિફનો સામનો કરવો જ પડશે.હાલમાં જ ડોનાલ્ડ ટ્રમ્પ સમક્ષ ઘણા દેશોએ સ્માર્ટફોન, કોમ્પ્યુટર સહિત અન્ય ઈલેક્ટ્રોનિક્સ પ્રોડક્ટ્સ પર ટેરિફમાં રાહત આપવા ભલામણ કરવામાં આવી હતી. તેના પર ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ ટ્રુથ પર કહ્યું હતું કે, કોઈને રાહત મળશે નહીં, કોઈપણ દેશને છૂટ મળશે નહીં. ખાસ કરીન ચીનમાં ઉત્પાદિત સેમિકંડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સને તો જરાય પણ નહીં. શરૂઆતમાં જ ગ્રાહક ખર્ચમાં વૃદ્ધિની ચિંતાના કારણે રાહત આપવામાં આવી હતી. હવે વધુ નહીં...ટ્રમ્પે ટ્રુથ પર પોસ્ટ કરી હતી કે, અન્ય દેશો દ્વારા અમારી સાથે વર્ષોથી અયોગ્ય વેપાર થઈ રહ્યો છે. અયોગ્ય વેપાર ખાધ અને નોન-મોનેટરી ટેરિફ પડકારોમાંથી કોઈને રાહત મળશે નહીં. ખાસ કરીને ચીનને તો જરાય પણ નહીં. તે અમારી સાથે ખૂબ ખરાબ કરી રહ્યું છે. અમેરિકા ઈલેક્ટ્રોનિક્સ સપ્લાય ચેઈન બનાવવા પર ફોકસ કરે છે. જેના માટે સેમીકંડક્ટર સેક્ટરમાં રાષ્ટ્રીય સુરક્ષા વેપાર તપાસ શરૂ થઈ છે. અમેરિકા માટે સ્થાનિક સ્તરે વધુ ઉત્પાદનને વેગ તેમજ વિદેશી પ્રોડક્ટ્સ પર નિર્ભરતા ઘટાડવાની જરૂરિયાત પર અમે ભાર મૂક્યો છે. વ્હાઈટ હાઉસ દ્વારા વિવિધ દેશો પર વિવિધ રેસિપ્રોકલ ટેરિફ લાદવાની જાહેરાત થઈ હતી. જો કે, તેના અમલ પહેલાં જ ટ્રમ્પ સરકારે તેમાં ૯૦ દિવસની રાહત આપી હતી. આ રાહત ટેરિફ મુદ્દો ઉકેલવા માગતા દેશો માટે છે. જો કે, ચીનને ટેરિફની સામે ટેરિફ લાદતાં ટ્રેડવૉરની હવાને વેગ આપ્યો હોવાથી અમેરિકા તેને રાહત આપી રહ્યું નથી. બલ્કે અમેરિકાએ ચીન પર ૧૪૫ ટકા સુધી ટેરિફ લાદી દીધો છે. સામે ચીને પણ અમેરિકા પર ૧૨૫ ટકા સુધી ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી.ટ્રમ્પ સરકારના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, આગામી બે મહિનામાં ટ્રમ્પ સરકાર સ્માર્ટફોન, કોમ્પ્યુટર સહિત અન્ય ઈલેક્ટ્રોનિક્સ પર ટેરિફ લાગુ કરવા જઈ રહી છે. આ ઉપાયોથી સ્થાનિક ઉત્પાદનને વેગ મળશે. અમેરિકન હેજ ફંડ મેનેજર અને ઈન્વેસ્ટર બિલ એકમેને ટ્રમ્પ સમક્ષ ચીનને પણ ત્રણ મહિના સુધી ટેરિફમાં રાહત આપવા ભલામણ કરી હતી. તેમજ અમેરિકાના બિઝનેસને કોઈપણ અડચણ વિના સપ્લાય પહોંચતો રહે તે હેતુ સાથે અસ્થાયી રૂપે ટેરિફમાં ૧૦ ટકાનો ઘટાડો કરવા સલાહ પણ આપી હતી. બીજી તરફ સિનેટર એલિઝાબેથ વૉરેને ટેરિફ રણનીતિની ટીકા કરી તેને અયોગ્ય ઠેરવી છે. જેનાથી આર્થિક નુકસાન થવાની ભીતિ પણ વ્યક્ત કરી છે.

## શહેરની અંદર હેલ્મેટનો કાયદો રદ થવો જોઈએ', ભાજપના પૂર્વ ધારાસભ્યએ સીએમને લખ્યો પત્ર

ગુજરાત સરકાર દ્વારા ટુ વ્હીલર ચાલકોને હેલ્મેટ પહેરવો ફરજિયાત પહેરવાનો આદેશ અપાયો છે. પરંતુ સુરતથી ભાજપના પૂર્વ ધારાસભ્ય ધીરુ ગજેરાએ રાજ્ય સરકાર સામે એવી માંગ કરી છે જે ચોંકાવનારી છે. તેમણે રાજ્યના શહેરી વિસ્તારોમાં હેલ્મેટ ફરજિયાત બનાવનાર કાયદો તાત્કાલિક અસરથી રદ કરવા માંગ કરી છે.ભાજપના પૂર્વ ધારાસભ્ય ધીરુ ગજેરાએ મુખ્યમંત્રીને પત્ર લખીને માંગ કરી છે કે, 'જે હેલ્મેટ પ્રજાને શહેર વિસ્તારમાં આરોગ્યને માટે જોખમ રૂપ છે. કારણ કે, શહેરમાં બપોરના સમયમાં ૪૦-૪૫ ડીગ્રીમાં ૩૦૦થી ૪૦૦ મીટરના સિગ્નલ પાસ કરવા પડે અને આ ગરમીમાં પ્રજા માટે જોખમ છે. કોઈપણ મગજના ડોક્ટરોનો અભિપ્રાય લો તો કહેશે શહેર વિસ્તારમાં હેલ્મેટ જોખમ છે. પ્રજાની સુરક્ષાની વાતો કરનારા વ્યક્તિ એ.સી. ચેમ્બરમાં બેસીને નિર્ણય લે છે, એકવાર જાત અનુભવ કરીને ગરમીમાં શહેરમાં ફરે તો ખ્યાલ આવે.

તેમણે પત્રમાં લખ્યું કે, 'પ્રજાને માટે હેલ્મેટ, ખાડાઓ, રસ્તાની સાઈડ પર કચરાના ઢગલાઓ અને ગટરનો ખ્યાલ આવે કે મધ્યમ અને ગરીબ વર્ગને કેટલી મુશ્કેલીનો સામનો કરવો પડે છે. પ્રજા હેલ્મેટમાં લૂંટાઈ છે અને



ગરમીમાં પણ બીમારીનો ભોગ બને છે. જેથી મારી અપીલ છે કે આપ આ નિર્ણય માટે ફેરવિચાર કરીને શહેર વિસ્તારમાં હેલ્મેટમાંથી મુક્તિ આપો.'ઉલ્લેખનીય છે કે, બાઈક ચલાવતી વખતે હેલ્મેટ પહેર્યું હોય તો, તડકો, પવન અને ધૂળ સામે રક્ષણ આપે છે. લાંબી રાઈડ પર હેલ્મેટ સૂર્ય, વરસાદ અને શરદી જેવી કઠોર હવામાન પરિસ્થિતિઓથી તમારા ચહેરાને સુરક્ષિત કરી શકે છે.

## શેઠની શીખામણ ઝાંપા સુધી... સચિવાલયમાં જ સરકારી પરિપત્રનું ઉલ્લંઘન, ધોમધખતા તાપમાં શ્રમિકો પાસે કરાવાય છે કામ

ગુજરાતના અનેક જિલ્લામાં આગ ઝરતી ગરમીના કારણે એપ્રિલ મહિનામાં જ લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. રાજ્યમાં સરેરાશ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર વધી રહ્યો છે, ત્યારે બે દિવસ પહેલા રાજ્ય સરકારની શ્રમ આયોગની કચેરી દ્વારા શ્રમિકોને બપોરે ૧થી ૪ વાગ્યામાં કામ નહીં કરાવવાનો આદેશ આપ્યો હતો. જ્યારે આજે સોમવારે (૧૪ એપ્રિલ, ૨૦૨૫) ગાંધીનગરના જૂના સચિવાલયમાં શ્રમિકો ધોમધખતા તાપમાં કામ કરતા જોવા મળ્યા છે. સરકારના સરકારી વિભાગ દ્વારા જ નિયમોનો છડે ચોક ભંગ થઈ રહ્યો



છે. ગુજરાતી કહેવત છે કે 'શેઠની શીખામણ ઝાંપા સુધી..' પરંતુ અહીં તો 'સરકારની શીખામણ સચિવાલય' સુધી પણ માનવામાં આવતી નથી. સામાન્ય જનતાને વ્હાલા થવા અને શ્રમિકોની નજરમાં સારા દેખાવવા માટે આ પ્રકારના નોટિફિકેશન બહાર પાડી શ્રમિકોની ચિંતા હોય એવું બતાવવામાં આવે છે. પરંતુ રોજ મજૂરી કરીને રોજ પેટિયું રળતા મજૂરોને સચિવાલયમાં જ બપોરના સમયે મજૂરી કરાવવામાં આવતી હોય ત્યારે ખાનગી કન્સ્ટ્રક્શન સાઈટ પર કોણ બપોરના સમયે કામ ન કરવા નિયમનું પાલન કરશે.રાજ્યના શ્રમ વિભાગના નિયમનો ગાંધીનગરમાં જ ભંગ થઈ રહ્યો હોવાના દ્રશ્યો સામે આવ્યા છે. બે દિવસ પહેલા જ બપોરના ૧ થી ૪ વાગ્યાના સમયગાળા દરમિયાન શ્રમિકોને કામ ન કરાવવા મામલે પરિપત્ર બહાર પાડ્યો હતો. જ્યારે શ્રમ આયોગના પરિપત્રનો સરકારના નાક નીચે જ ભંગ થતો જોવા મળ્યો છે. જેમાં ૪૧ ડિગ્રી તાપમાન વચ્ચે સરકારી પ્રોજેક્ટમાં ભર તડકામાં શ્રમિકો કામ કરતા જોવા મળ્યા હતા.

## આણંદમાં ૮.૪૦ લાખ પશુઓને પીવાના પાણી અને ઘાસચારાની સમસ્યા સર્જાવાના એંધાણ



આણંદ : આણંદ જિલ્લામાં ઉનાળુ વાવેતરમાં માત્ર ૮,૮૭૦ હેક્ટરમાં જ ઘાસચારાનું વાવેતર થવા પામ્યું છે. જ્યારે જિલ્લામાં અંદાજિત ૫૦૦થી વધુ તળાવમાંથી ૧૦૦થી વધુના તળિયા દેખાઈ રહ્યા છે જ્યારે ૧૪૦ ટૂંક સમયમાં સૂકાઈ જવાની સંભાવના છે. ત્યારે જિલ્લામાં ૮.૪૦ લાખ પશુઓને ઉનાળાની કાળઝાળ ગરમીમાં પીવાના પાણી અને લીલા ઘાસચારાની સમસ્યા સર્જાવાના ખેંધાણ વર્તાઈ રહ્યા છે. ત્યારે સૂકા થઈ ગયેલા તળાવોમાં પાણી ભરવાનું આયોજન કરાયાનો તંત્ર દાવો કરી રહ્યું છે.આણંદ જિલ્લામાં છેલ્લા પાંચ દિવસમાં ગરમીનો પારો ૪૩ ડિગ્રીને પાર કરી ગયો છે. આગામી દિવસોમાં આકરી ગરમી તથા હીટવેવ થવાની સંભાવનાઓ પણ હવામાન ખાતા દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. ત્યારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પશુપાલકો માટે પાણીના મુખ્ય ોત ગણાતા ગામ તળના તળાવમાં હવે પાણી સુકાવા માંડયા છે. આણંદ જિલ્લામાં અંદાજિત ૫૦૦થી વધુ તળાવમાં ૧૦૦થી વધુના તળિયા દેખાઈ રહ્યા છે. અન્ય ૧૪૦ તળાવ ટૂંક સમયમાં સૂકા થઈ જવાનો ભય છે. આકરા ઉનાળામાં પશુપાલકો માટે તેમના પશુઓને પીવાના પાણીની સમસ્યાઓ સર્જાય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. હાલ આણંદ જિલ્લામાં લીલા ઘાસચારોનું ૮,૮૭૦ હેક્ટરમાં જ વાવેતર થવા પામ્યું છે. તેની સામે આણંદ જિલ્લામાં હાલ ૨.૭૩,૫૦૫ ઢોર, ૪,૬૦,૮૮૬ ગાય, ૯,૬૭૩ ઘેટાં અને ૯૪,૨૭૭ બકરાં મળીને કુલ ૮.૪૦ લાખ દૂધાળા પશુઓ છે. જેમને ઉનાળામાં લીલા ઘાસચારાની તંગી વર્તાય તેવું જાણવા મળી રહ્યું છે.જિલ્લાના પશુપાલકોનું કહેવું છે કે, તંત્ર દ્વારા ગામડાઓના તળાવમાં વહેલી તકે પાણી ભરવામાં નહીં આવે તો આવનારા ઉનાળાના દિવસોમાં પશુઓ માટે પાણીની તંગીના લીધે કેટલાક પશુપાલકોને કિંમતી પશુઓ ગુમાવવાનો વારો આવી શકે છે. જેથી હાલ જેટલા તળાવ સૂકા થયા છે તેમાં ત્વરિત પાણી ભરવાની વ્યવસ્થા શરૂ કરવી જરૂરી બની છે.આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખ હસમુખભાઈ પટેલે જણાવ્યું હતું કે, જિલ્લા પંચાયત દ્વારા પશુઓને પીવાના પાણીની સમસ્યા હલ કરવા માટે કેનાલના પાણીથી તળાવો ભરવા સંદર્ભે આયોજન કરવામાં આવી રહ્યું છે. જિલ્લાના સૂકા તળાવમાં પણ પાણી ભરવાનું આયોજન કરવામાં આવશે. જેથી પશુઓને સહેલાઈથી પાણી મળવાનું શક્ય બનશે.આણંદની પશુ કોલેજના ડૉક્ટરોએ જણાવ્યું હતું કે, ઉનાળામાં પશુઓને ઊંચી સફેદ છતવાળા અને છાપરાં પર પૂળા મૂકેલા તબેલામાં રાખવાથી ગરમીનું પ્રમાણ ઘટાડી શકાય છે. ગરમ પવન રોકવા અને ઠંડક માટે તબેલાની આસપાસ વૃક્ષોનું વાવેતર પણ કરવું જોઈએ. ઉનાળાની ઋતુમાં પશુઓને ૬૦ લિટર જેટલું પાણીની જરૂરિયાત રહે છે. દિવસમાં ૪થી ૫ વાગર પાણી આપવું જોઈએ.જિલ્લામાં સૂકો ઘાસચારો ખૂબ ઊંચા ભાવે વેચાઈ રહ્યો છે. જ્યારે લીલા ઘાસચારામાં મકાઈ અને બોટમઘાસની માંગ વધી છે. આણંદ જિલ્લામાંથી લીલુ ઘાસ રોજ ટ્રકો મારફતે કાઠિયાવાડ અને ઉત્તર ગુજરાત વિસ્તારમાં મોકલાઈ રહ્યું છે. જેને કારણે પણ જિલ્લામાં ઘાસચારાની તંગી વર્તાય તેમ છે.

## ભાવનગર ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટિવ બેંકની ભરતી પ્રકરણે હાઈકોર્ટમાં ધા

ભાવનગર : ભાવનગર ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટિવ બેંકમાં ૮૦ તાલીમાર્થી ક્લાર્કની ભરતી પ્રકરણમાં લાયકાત અને ઉમરના નિયત ધોરણોનું પાલન નહીં થયાનું જણાવી ગુજરાત વડી અદાલતમાં ધા નાખવામાં આવતા હવે ૨૨ એપ્રિલની મુદત મુકરર કરવામાં આવી હોવાનું આધારભૂત સૂત્રોએ જણાવ્યું હતું.

સૂત્રોએ જણાવ્યું હતું કે, સિદસર જૂથ કૃષિ સેવા સહકારી મંડળીના પ્રમુખ ભીખાભાઈ જાજડિયાએ ગુજરાત હાઈકોર્ટમાં ગુજરાત રાજ્ય, સ્ટેટ રજિસ્ટ્રાર, ભાવનગર ડિસ્ટ્રીક્ટ રજિસ્ટ્રાર (સહકારી મંડળીઓ), ભાવનગર ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટિવ બેંક, ધ એડમિન મેનેજર (એસ્ટાબ્લિશમેન્ટ)અને ઓમ મેનેજમેન્ટ એન્ડ એચઆર સોલ્યુશન્સ સહિત ૬ને પ્રતિવાદી તરીકે જોડીને ધા નાખી હતી કે, ભાવનગર ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટિવ બેંકમાં ૮૦ તાલીમાર્થી ભરતી પ્રકરણમાં લાયકાત અને ઉમરના નિયમને અનુસરવામાં




આવ્યા નથી. સગાવાદ આચરવામાં આવેલ છે. બેંક દ્વારા તા. ૯ માર્ચના રોજ ઉમેદવારોના મૌખિક ઈન્ટરવ્યુ લેવાયા, તા. ૧૦ માર્ચના રોજ સરક્યુલર ઠરાવમાં ડાયરેક્ટર્સની સહીઓ લેવામાં આવી અને તા. ૧૧ માર્ચના રોજ ઓર્ડર આપી દેવામાં આવ્યા હતા. વાસ્તવમાં, બેંકે ૭ દિવસ અગાઉ એજન્ડા ઈસ્યુ કરી બોર્ડની બેઠક બોલાવી ચર્ચા કરવી જોઈએ પણ તેમ થયું નથી. આ ભરતી પ્રકરણે રાજ્ય સરકારે પણ ઈન્કવાયરી નીમી છે. સિદસર જૂથ સેવા સહકારી મંડળીનું ડિસ્ટ્રીક્ટ બેંકમાં હિત છે તે આ ખોટી ભરતીથી જોખમાય છે. આથી આ ભરતી રદ્દ કરવા દાદ માંગવામાં આવી છે. દરમિયાનમાં, ભાવનગર ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટિવ બેંક દ્વારા હાઈકોર્ટ સમક્ષ એવી રજૂઆત કરવામાં આવી હતી કે, એચ.આર. પોલિસી ઘડવાનો બેંકને અધિકાર છે અને એ પ્રમાણે ૮૦ તાલીમાર્થી ક્લાર્કની ભરતી કરી છે. હાઈકોર્ટમાં આ સંદર્ભે સુનાવણી ચાલી રહી છે અને તા. ૧૭ માર્ચ, ૨૩ માર્ચ, તા. ૨૭ માર્ચ અને તા. ૧ એપ્રિલના રોજ મુદત પડી હતી. હવે આગામી તા.૨૨ એપ્રિલના રોજ મુદત મુકરર કરવામાં આવી છે.

## તંત્રી લેખ...

# સ્માર્ટફોન, લેપટોપ અને ચિપ્સ પર નહીં લાગે રેસિપ્રોકલ ટેરિફ

બીજી વખત અમેરિકાના પ્રમુખ બન્યા બાદ દરરોજ કોઈ નવા નિર્ણયો લેતા નજરે પડી રહ્યા છે. બાદમાં તેઓ તે નિર્ણયમાં મોટા ફેરફાર કરતા પણ જોવા મળ્યા છે. ટ્રમ્પે ચીની વસ્તુઓની આયાત પર ભારે ટેરિફ મૂકીને ટ્રેડવૉરની શરૂઆત કરી છે. ટ્રમ્પે દુનિયાના અનેક દેશો પર ટેરિફની જાહેરાત કરી હતી, જોકે બાદમાં નિર્ણય પાછો ખેંચીને ૯૦ દિવસનો સમય આપ્યો હતો. ત્યારે હવે બ્લૂમબર્ગના અહેવાલ અનુસાર ટ્રમ્પે અમુક વસ્તુઓને ટેરિફમાં છૂટ આપવાનો નિર્ણય લીધો છે. જેમાં સ્માર્ટફોન, લેપટોપ અને સેમીકંડક્ટર ચિપ્સ પર રેસિપ્રોકલ ટેરિફ નહીં લાગે.મહત્વનું છે કે, આ નિર્ણય ટ્રમ્પ દ્વારા ચીનથી આયાત કરાયેલી વસ્તુઓ પર ૧૪૫ ટકા ટેરિફ અને અન્ય દેશોથી આવનારા ઉત્પાદનો પર ૧૦ ટકા બેઝલાઈન ડ્યૂટી લગાવાયા બાદ લીધો છે. આ નિર્ણય ખાસ કરીને એપ્પલ જેવી મોટી ટેક કંપનીઓ માટે મહત્ત્વપૂર્ણ છે, જે પોતાના મોટાભાગના ઉત્પાદનો ચીનમાં ઉત્પાદિત અને એસેમ્બલ થાય છે.

# કન્યા પક્ષ વાળાએ જાનૈયાઓને બંદી બનાવતા પોલીસ બોલવવી પડી

બિજનોર (યૂપી): લગ્નના રીવાજોમાં થોડી મજાક મશ્કરી ચાલે છે પરંતુ યૂપીના બીજનોરમાં જૂતા ચોરવાની રસમમાં એવી બબાલ ઉભી થઈ કે મામલો પોલીસ સ્ટેશન સુધી પહોચી ગયો હતો.વરરાજાની સાળીએ જૂતાના બદલે રુપિયા માંગ્યા તો દુલ્હે રાજાએ સાવ સસ્તામાં જૂતા પરત આપવાની વાત કરતાં માંડવા વાળાએ દુલ્હે રાજાને ભીખારી જેવો છે તેવુ બોલતાં રીવાજની મજાક મસ્તી લાઠી અને ડંડાની મારામારી સુધી પહોચી હતી. આખરે પોલીસે બન્ને પક્ષને સમજાવ્યા અને સૂલેહ કરાવી હતી.

દેહરાદુનના ચકરોતાથી મોહમ્મદ સાબિરની જાન બિજનોરના ગઢમલપુર પહોચી હતી. નાચ ગાન જાનનું સ્વાગત બધુ બરાબર ચાલ્યુ હતું. જૂતા ચોરવાની રસમમા સાળીની ટીમે વરરાજાના જૂતા ચોરી લીધા બાદ પરત આપવા ૫૦,૦૦૦ માંગ્યા હતાં. વરરાજા અને તેના મિત્રો ૫,૦૦૦માં મામલો નિપટાવવા અડગ રહેતાં માંડવિયા માંથી કોઈએ વર પક્ષને ભીખારી જેવા છે તેવું કહેતાં મામલો વણસ્યો હતો.

વરરાજાના પક્ષના લોકોએ અમારે શું બેટીને બદલે પૈસા જોઈએ છે તેવું માનો છો તેમ કહેતાં વાત મારપીટ સુધી પહોચી ગઈ હતી. કન્યા પક્ષના લોકોએ જાનૈયાઓને રુમમાં પૂરી દીધા હતાં.કોઈએ વીડિયો બનાવીને સમગ્ર હકિકત વાઈરલ કરતાં હોબાળો મચી ગયો હતો. વરરાજા નારાજ થઈ ગયા અને દુલ્હનને સાથે લઈ જવાનો ઈન્કાર કરી દીધો હતો. કન્યા પક્ષ વાળાએ ગુંડાઓ એકત્રીત કર્યા હતાં તેઓએ વરરાજાના પિતાજી, દાદાજી, હાજી જી, ભાઈ તેમજ જીજાજીની ધોલાઈ કરી હતી. કોઈ શાણાએ પોલીસને ફોન કરતાં પોલીસની ટીમ સમારોહના સ્થળે પહોચીને જાનૈયાઓને છોડાવ્યાં હતાં આ મામલો એટલો ગરમ થયો હતો કે જાનૈયા અને માંડવા પક્ષના લોકો પોલીસ સ્ટેશન પહોચ્યાં હતાં.

# રશિયાની યુક્રેન પર એરસ્ટ્રાઈક : ૩૪થી વધુનાં મોત, ૧૧૭ ઘાયલ

કીવ: યુક્રેનના સુમી શહેરમાં રશિયાએ કરેલા મિસાઈલ હુમલામાં ૩૪થી વધુ લોકોનાં મોત થયા છે અને અન્ય ૧૧૭ લોકો ઘાયલ થયા છે તેમ સત્તાવાળાઓએ એક નિવેદનમાં જણાવ્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર પામ સન્ડેની ઉજવણી કરવા માટે લોકો એકત્ર થયા હતાં ત્યારે સવારે ૧૦.૧૫ કલાકે આ હુમલો કરવામાં આવ્યો હતો.



ઉલ્લેખનીય છે કે આ હુમલાના એક દિવસ પહેલા જ રશિયા અને યુક્રેનના વરિષ્ઠ રાજદ્વારીઓએ એકબીજા પર અમેરિકાના નેતૃત્ત્વવાળી બંને દેશો વચ્ચે ચાલી રહેલી મંત્રણામાં નક્કી થયેલ શાંતિ સમજૂતી ભંગ કરવાનો આરોપ મૂક્યો હતો.

રશિયાના વિદેશ પ્રધાને આરોપ મૂક્યો છે કે મંત્રણા શરૂ કરવામાં આવ્યા પછી પણ યુક્રેન દરરોજ રશિયા પર હુમલા કરી રહ્યું છે. બીજી તરફ યુક્રેનના વિદેશ પ્રધાને જણાવ્યું છે કે મર્યાદિત હુમલા કરવા અંગે સંમત થયા પછી પણ રશિયાએ યુક્રેનમાં ૭૦ મિસાઈલ, ૨૨૦૦ ડ્રોન, ૬૦૦૦ એરિયલ બૉંબ છોડયા છે.

યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ રશિયા દ્વારા બે બેલેસ્ટિક મિસાઈલ છોડવામાં આવી હોવાના રિપોર્ટને સમર્થન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આ હુમલામાં અનેક લોકોનાં મોત થયા છે અને બચાવ અભિયાન ચાલી રહ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે પ્રાથમિક માહિતી મુજબ અનેક નાગરિકોનાં મોત થયા છે અને અનેક નાગરિકો ઘાયલ થયા છે.

## રશિયાએ ફરી યુક્રેનના સુમીમાં બેલિસ્ટિક મિસાઈલ વડે હુમલો કર્યો


સુમી,

રશિયા-યુક્રેન યુદ્ધ ફરી એક વખત ભયંકર બનવા જઈ રહ્યું હોય તેવુ લાગી રહ્યું છે. રશિયાએ ફરી યુક્રેનના સુમીમાં બેલિસ્ટિક મિસાઈલ વડે હુમલો કર્યો છે. જેમાં ઓછામાં ઓછા ૨૧ લોકો માર્યા ગયા હોવાની શક્યતા છે. રશિયન મિસાઈલ્સે શહેરના માર્ગો, સામાન્ય જન-જીવન, શાળા, વાહનો અને ઘરોને ટાર્ગેટ બનાવ્યા છે. આ હુમલો રવિવારે યુક્રેનના સુમી શહેરમાં થયો હતો. જેમાં શાળા પણ બળીને ખાખ થઈ હતી. આ હુમલા દરમિયાન લોકો ચર્ચ જઈ રહ્યા હતાં.

એકબાજુ અમેરિકા રશિયા-યુક્રેન યુદ્ધ વિરામ માટે વિવિધ પ્રસ્તાવ રજૂ કરી રહ્યું છે. જેમાં તેણે યુક્રેનના બે ભાગલાં પાડવાનો નિર્ણય લીધો છે.

# અંધશ્રદ્ધા : સર્પ દોષ દૂર કરવા યુટ્યુબ પર વીડિયો જોઈ પુત્રીનો બલિ ચઢાવનાર માતાને ફાંસીની સજા

તેલંગાણામાં સૂર્યપેટની એક સ્થાનિક કોર્ટે એક માતાને પોતાની જ પુત્રીની હત્યા કરવા બદલ ફાંસીની સજા ફટકારવામાં આવી છે. વર્ષ ૨૦૨૧માં મહિલાએ આ હત્યાને અંજામ આપ્યો હતો અને બલિ આપવાના નામે પોતાની જ પુત્રીનો ભોગ લઈ લીધો હતો. મહિલાને એવો ભ્રમ હતો કે તેના પર કાળ સર્પ દોષ છે જેને દૂર કરવા માટે પુત્રીની બલિ આપી દીધી. જોકે કોર્ટે આ મહિલાને દોષિત ઠેરવીને ફાંસીની સજા ફટકારી છે. એક જ્યોતિષના કહેવાથી મહિલાએ માની લીધુ હતું કે તેને કાળ સર્પ દોષ છે.તામિલનાડુની સૂર્યપેટ વિસ્તારની આ મહિલાને કોઈએ એવા વહેમમાં નાખી દીધી હતી કે તેના પર કાળ સર્પ દોષ છે જેને કારણે તેનું જીવન અસ્ત વ્યસ્ત છે. બાદમાં મહિલાએ કાળ સર્પ દોષને દૂર કરવા માટે સોશિયલ મીડિયા યુટ્યુબ પર વીડિયો જોયા હતા. એટલુ જ નહીં તાંત્રીક સાથે પણ વાત કરી હતી. બાદમાં તાંત્રીકના કહેવાથી અને અન્યોની સલાહથી આ મહિલાએ એક એવુ પગલુ ભર્યું હતું જેમાં તેની પુત્રીએ જીવ ગુમાવી દીધો. મહિલાએ પોતાના પરના વહેમવાળા દોષોને દૂર કરવા માટે પોતાની જ પુત્રીનો બલિ ચડાવી દીધો હતો. પુત્રીની હત્યા બાદ પોલીસે બી. ભારતી



ઉર્ફ લાસયા નામની આ મહિલાની ધરપકડ કરી લીધી હતી. આ મહિલાએ બે વર્ષ પહેલા પોતાના પતિની પણ પથ્થર મારીને હત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. જે મામલામાં પણ મહિલાને સજા થઈ ચુકી હતી.

# તળાજા : ખેતી માટે આપેલી તથા તેની બાજુની જમીન ૭ શખ્સોએ પચાવી પાડી


ભાવનગર : તળાજામાં શેત્રુંજી નદીના કિનારે ખેતી માટે આપેલી જમીન તથા તેની બાજુની જમીન પર ગેરકાયદે કબ્જો કરી પચાવી પાડનારા સાત શખ્સો સામે તળાજા પોલીસ મથકમાં લેન્ડગ્રેબિંગની અલગ-અલગ બે પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

તળાજામાં દાત્રડ વાડી ખાતે રહેતા હરજીભાઈ ઓધાભાઈ ભુતે તળાજા પોલીસ મથકમાં વિનુ પરશોતમભાઈ કામળીયા (રહે. હાલ ભાવનગર, મુળ પાદરી(ગો), તા.તળાજા), બાલા ભગવાનભાઈ કામળીયા, શંભુ ભગવાનભાઈ કામળીયા (બન્ને રહે.પાદરી(ગો)), પ્રેમજી ભગવાનભાઈ કામળીયા, નાનજી ભગવાનભાઈ કામળીયા (રહે.દાત્રડની વાડી, તળાજા), પ્રકાશ જેરામભાઈ કામળીયા અને ઉમેશ બાલાભાઈ કામળીયા (બન્ને રહે.તળાજા) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી કે, તળાજામાં શેત્રુંજી નદીના કાંઠે આવેલી તેમની માલીકીની અલગ-અલગ ત્રણ જમીનો ઉક્ત લોકોને વાવવા (ખેતી કરવા) આપેલ હતી અને જે-તે વખતે તેમને આ જમીન ખરીદ કરેલ ત્યારે ખાલી કરવા જણાવ્યું હતું પરંતુ જમીન ખાલી નહી કરતા ભાવનગર કલેક્ટરમાં ફરિયાદ કરતા કલેક્ટરે ગુનો નોંધવા હુકમ કરતા તળાજા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જ્યારે મહુવાના જાદરા રોડ વૃંદાવન પાર્ક ખાતે રહેતા પરશોત્તમભાઈ પાંચાભાઈ સેંતાએ તળાજા પોલીસ મથકમાં વિનુ



પરશોતમભાઈ કામળીયા, બાલા ભગવાનભાઈ કામળીયા, શંભુ ભગવાનભાઈ કામળીયા, પ્રેમજી ભગવાનભાઈ કામળીયા, નાનજી ભગવાનભાઈ કામળીયા, પ્રકાશ જેરામભાઈ કામળીયા અને ઉમેશ બાલાભાઈ કામળીયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી કે, તળાજામાં શેત્રુંજી નદીના કાંઠે તેમની માલીકીની અલગ-અલગ બે જમીન ઉક્ત લોકો ખેતી કરવા માંગતા હોય પરંતુ તેમણે ના પાડી હતી અને તેમ છતાં ઉક્ત લોકોએ તેમની જમીન ખેતી કરી ઉપજ કરતા હોય ભાવનગર કલેક્ટરમાં ફરિયાદ કરતા કલેક્ટરે ગુનો નોંધવા હુકમ કરતા તળાજા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. તળાજા પોલીસે બન્ને ફરિયાદ લઈ આગળની તપાસ હાથ ધરી છે.

# વ્યાસપીઠ એ હિન્દુ સનાતન ધર્મ મા પુજનીય હોય છે લોકો વ્યાસપીઠ ને માથુ ટેકવે છે



સુરત ના જહાંગીરપુરા ના ઈસકોન મંદિર ના કથાકાર ચંદ્રગોંવિદદાસ ઉર્ફે ચેતન પટેલ એ તેમની કથા મા "" બંધારણ લખનારા મુર્ખઁ હતા "" અને જે બાપુ (પિતા ) દીકરી ને નોકરી કરાવે તે એક રીતે તેને વ્યભિચાર માધકેલી દે છે" ઈસકોન મંદિર ના વ્યાસપીઠ ઉપર થી આવા નિવેદનો થી વંચીત-શોષીત-પીડીત લોકો મા અને ઓબીસી - એસ ટી - એસ સી અને મોટા શહેરો મા ભણીગણી ને નોકરી કરતી મેટ્રો સીટી મા પોતાના પરિવાર ના પેટ નો ખાડો પુરવા નોકરી કરતી મહીલાઓ અને તેના માતા -પિતા મા આક્રોસ ફાટી નીકળયો છે..

બેટી બચાવો બેટી પઢાવો બેટી ને આત્મવિશ્વાસ થી આત્મનિર્ભઁર બની રહી છે ત્યારે વ્યાસપીઠ ઉપર આવા ખોટા ઉપદેશ આપી ઈસકોન મંદિર ના કથાકાર ચંદ્રગોંવિદદાસ એ પોતાનુ બુદ્ધી નુ દેવાળુ ફુંકયુ છે..અને ગુજરાત ની મહીલાઓ ઉપર અત્યાચાર આક્રમણ કરી મહીલાઓ નુ અપમાન કર્યુ છે તે ક્યારેય માફી ને લાયક નથી...

આ નીચ હલકટ ચંદ્રગોંવિદદાસ હરામી હરામખોર ને ખબર નથી
વકતા એ બંધારણ ના ઘડવૈયા ડો.બાબા સાહેબ આંબેડકર નુ અપમાન કરી દેશ બંધારણ ને ખોટુ ગણાવી ઘોર અપરાધ કર્યો છે
વ્યાસપીઠ ઉપર થી સીધો જ જેલ મા નાખી દેવો જોઈએ

વ્યાસપીઠ ઉપર ગમે તેવા ગધેડા ચઢી જઈ ને બકવાસ કરી રહ્યા છે
આવા લગભગ ૭૫૦ વિવિધ સંપ્રદાયો ફુલા ફાલયા છે તેમના સ્વામીનારાયણ સંપ્રદાય-મંદિર ના વિવિધ સ્વામી ઓ હિન્દુ સનાતન ધર્મ ના ભગવાન અને સાધુ-સંતો નુ અપમાન કરી રહ્યા છે
આવા ૧ રુપીયે ડઝન ના કોડી ની કિંમત ના સ્વામીઓ વ્યાસપીઠ ચઢી ને ભગવો પહેરી નાગો નાચ કરી રહ્યા છે
આવા સ્વામીઓ ને ભગવા ઉતારી નાગા કરી રસ્તા ઓ ઉપર દોડાવી ને મેથીપાક ચખાડવો જોઈએ મોટાભાગ ના હિન્દુ સમાજ અને હિન્દુ સનાતન ધર્મ ના લોકો ની લાગણી છે..
લંકા નો રાક્ષસ રાવણે ભગવા પહેરી માતા સીતા નુ અપહરણ કર્યુ હતુ અને બે મોત માર્યો ગયો હતો
ગમે તેવા સ્વામીઓ હોય ભગવા પહેરી તાંડવ કરી અત્યાચાર કરે તે સંપ્રદાય નો અંત અને હાલ રાવણ જેવા જ થવાના ...પછી તે ઈસકોન મંદિર હોય કે સ્વામીનારાયણ સંપ્રદાય-મંદિર...ના સ્વામીઓ..
હિન્દુ સનાતન ધર્મ જીવતો છે ત્યા સુધી તમે જીવતા છો
ધર્મઁ ઉપર પાંખડીઓ પાપી ઓ અત્યાચાર કરે ત્યારે શસ્ત્ર અને શાસ્ત્ર નો ઉપયોગ કરી રક્ષા કરવી આપણી સૌની ફરજ છે..
હિન્દુ સનાતન ધર્મ ઉપર આક્રમણ અત્યાચાર કરે ત્યારે એક સનાતની તરીખે ચુપ રહેવુ કાયરો નુ કામ છે..
ગુલામ નહી આઝાદ બનો આઝાદ રહો..


# મહુવા માર્કેટીગ યાર્ડમાં બે મહિનાથી સફેદ ડુંગળીના ભાવમાં વારેવારે ઘટાડો આવે છે તે બંધ કરાવવા ખેડુતોની આજે મીટીંગ

કે મહુવા માર્કેટીગ યાર્ડમાં બે મહિનાથી સફેદ ડુંગળીના ભાવમાં વારેવારે ઘટાડો આવે છે તે બંધ કરાવવા તા.૧૫/૪/૨૦૨૫ ને મંગળવારે સવારે દસ વાગ્યે મહુવા માર્કેટીગ યાર્ડમાં સફેદ ડુંગળીની હરાજી સામે ખેડુતોની મીટીંગ રાખેલ છે તેમાં મોટીસંખ્યામાં ખોડુતો અને ખેડુત આગેવાનોને હાજરી આપવા જાહેર આમંત્રણ તેમજ આ મીટીંગ નો મુખ્ય હેતુ સફેદ ડુંગળીના ભાવને ઉપરની બજારો સાથે લેવાદેવા નથી મહુવાના ૧૭૦ થી વધારે ડ્રીહાઈડેશન વાળા, વેપારીઓ અને યાર્ડ વાળા હમદર્દી રાખે તો ખેડુતોને સફેદ ડુંગળીનો એક મણનો ભાવ રૂપિયા ૨૫૦ થી ૩૦૦ મળી રહે તેમ છે પણ મેળાપીપણુ કરી ખેડુતોને લૂંટે છે તે યોગ્ય નથી તેમજ ડ્રીહાઈડેશનમા ડુંગળીની તૈયાર થતી પતરીનો એક કિલાનો ભાવ રૂપિયા ૧૧૫ થી ૧૨૫ વર્ષો પહેલાં હતો તે સમયે ખેડુતોની સફેદ ડુંગળીના એક મણના રૂપિયા ૩૦૦ થી ૩૫૦ આપતાં આજે ખેડુતોને ડુંગળી પકવવા પાછળ ખર્ચ વધ્યો છે અને ડ્રીહાઈડેશન વાળાને પાક્કો માલ (પતરી) નો ભાવ થોડોક ઉંચો છે છતાં ખેડુતોને ડુંગળીનો ભાવ અડધા આપે તે લૂટબાજી છે તેમજ ખેડુતોના ભલા માટે સરકારે ઉધ્યોગપતિઓને ડ્રીહાઈડેશન બનાવવા અધધધ કહી શકાય તેવી સહાય આપી છે તેમાં ૨૫ થી ૩૪ % ટકા સબસીડી,સાત વર્ષ સુધી લાઈટ બીલ માફ, ડુંગળીની પતરી વિદેશ મેકલવામા ઘણા વર્ષો સુધી એસ્પોટ ડ્યુટી માફ, વિગેરે અનેક સહાય સરકાર આપે છે તેમજ ડ્રીહાઈડેશન પ્લાન્ટ આશરે બે કરોડ રૂપિયાનો હોય તો ખોટા બીલો રજુ કરી બે કરોડ ના બદલે ચાર થી છ કરોડોનો પ્લાન્ટ બતાવી મોટી સબસીડી મેળવે છે છતાં ખેડુતોને મેળાપીપણુ કરી છેતરે છે તેથી અમારે ના છૂટકે મેદાનમાં ઉતરવુ પડે છે તેમજ આવા કપરા સમયે માર્કેટીગ યાર્ડના નેતાઓ અને બાબુઓ અમુક લૂંટબાઝ વેપારીઓ અને ડ્રીહાઈડેશન વાળા સાથે મીલીભગત કરે છે તેમજ અમો આંદોલન ઉગ્ર કરીએ ત્યારે ખેડુતોને ભલુ લગાડવા વીસ દિવસ પહેલા માર્કેટીગ યાર્ડના નેતાઓ અને બાબુઓ ગાંધીનગરના નેતાની ચાળ પકડીને કૃષિમંત્રી પાસે દેખાડો કરવા પહોંચી જાય છે અને હીરા ઘોઘે જઈ આવ્યા અને ડેલે હાથ દઈ આવ્યા જેવું કરી ફોટા પડાવી ખેડુતોના રૂપિયા ત્રીસથી ચાલીસ હજાર ઉડાડતાં આવ્યા છતાં કૃષિમંત્રીએ ડુંગળીમા એક ફદીયુ સહાય નહિ મળે તેમ કહી નેતાઓ અને બાબુઓને હાકી કાઢ્યા અને કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલે મહુવા માર્કેટીગ યાર્ડમાં ડુંગળીના ભાવ ૧૦૦ થી ૧૫૦ દબાવી રાખે છે તેવી ફરીયાદ અમારા સુધી આવે છે તેનો ઉકેલ લાવો તેમ કહી ઉતારી પાડ્યા છતાં યાર્ડના નેતાઓ કૃષિમંત્રીએ હકારાત્મક અભિગમ આપ્યો તેવું રટણ કરે છે તેથી તા.૧૫/૪/૨૦૨૫ ના રોજ ભરતસિંહ વાળા અને અનેક ખેડુત નેતાઓ ભડાકા કરશે તેથી ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, જુનાગઢ, સુરેન્દ્રનગર વિગેરે જીલ્લાના ખેડુતો અને આગેવાનોને હાજરી આપવા જાહેર આમંત્રણ આપી આહવાન કર્યું તેમજ તમામ રાજકીય પક્ષોના નેતાઓને હાજરી આપવા વિનંતી કરી તેમજ તમામ પત્રકાર મિત્રોને હાજરી આપવા વિનંતી અને સ્થળ પરથી ખેડુતોની વેદંના ગાંધીનગર સરકાર સુધી પહોંચાડવામા આવશે તેમ વાળા ભરતસિંહ પોપટભા તરેડી પ્રદેશ પ્રમુખ ખેડુત કલ્યાણ સંગઠન ગુજરાત જણાવી રહ્યા છે

# શ્રી હનુમાનજી જન્મોત્સવની જલારામ મંદિર ડીસા ખાતે કરવામાં આવી ભવ્યાતિભવ્ય દિવ્યાતિદિવ્ય ઉજવણી

તારીખ ૧૨-૪-૨૦૨૫ શનિવાર ચૈત્ર સુદ પૂનમના પવિત્ર દિવસે શ્રી હનુમાનજીનો પ્રાગટ્ય દિવસ હોઈ સમગ્ર ભારત ઉપરાંત વિશ્વના અનેક દેશોમાં તેની રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી.

ડીસા જલારામ મંદિર ખાતે ધર્મપ્રેમી ભાઈઓ બહેનોએ સાંજના સમયે સાથે મળી સામૂહિક રીતે શ્રી હનુમાનજી ચાલીસાના પાંચ પાઠ કરી રામસ્તુતિનું ગાન કર્યું હતું.૧૦૮ દિવાની મહાઆરતી




કરવામાં આવી હતી.ખૂબ સારી સંખ્યામાં એકત્રિત થયેલ સૌએ શ્રી રામચંદ્રજી ભગવાન, હનુમાન દાદા તેમજ પૂજ્ય જલારામ બાપાનો જય જયકાર કરી હનુમાનજી પ્રાગટ્ય દિન નિમિત્તે આદરપૂર્વક વંદન કર્યા હતા.

મહાઆરતી બાદ ઉમેશભાઈ ઠરિયાણી તરફથી સૌને કેળાનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.અતિ સુંદર આયોજન બદલ સૌએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

શ્રી સ્વામી નારાયણ ગુરુકુળ મથલના સંતોના વરદ હસ્તે કરાયો હતો. છેલ્લા ત્રણ દાયકાથી નખત્રાણા મધ્યે ચામુંડા જ્વેલર્સ નામની પેઢી ધરાવતા કિશોરભાઈ સોનીએ પોતાના નવા શો રૂમ પ્રસંગે જણાવ્યું હતુ કે છેલ્લા ત્રીસ વર્ષથી ગ્રાહકોનો વિશ્વાસ તેમજ તેમનો જે પ્રેમ મળ્યો છે એજ અમારી સાચી મૂડી છે તેમણે વધુમાં જણાવ્યું હતું કે અમારા નવા શો રૂમ માં વર્તમાન સમયને અનુરૂપ કલાત્મક આભૂષણોની વિશાળ શ્રેણી સાથે ગ્રાહકોને સંતોષ મળી રહે એજ અમારો મુખ્ય ધ્યેય રહેશે.શુભારંભ પ્રસંગે પ્રસંગે નખત્રાણા સોની સમાજના અગ્રણીઓએ ઉપસ્થિત રહી શુભકામના પાઠવી હતી.



ન્યુઝ ઓફ ગાંધીનગર.
ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No : 0110**
વિષય- ★ભોગવિલાસ★
શીર્ષક-"★કર્તવ્ય સાથે ભોગવિલાસ★"
પ્રકાર-ગદ્ય શબ્દ- ૩૪૬

જૂના જમાનામાં કેટલાંય રાજાઓ અને રાજવીઓ એશ્વર્યની જિંદગી જીવતા હતા અને ભરપૂર ભોગવિલાસમાં રચ્યાપચ્યા રહેતા હતાં. એનું એક કારણ ક્યાં તો જન્મથી જ તેમના ભાગ્યમાં રાજપાટ અને તમામ પ્રકારનું એશ્વર્ય વણાયેલું હતું અથવા પોતાના બળે કે સત્તાના મદમાં પોતાનું સામ્રાજ્ય ઊભું કર્યું હતું જેને કારણે તેમના નસીબમાં તમામ પ્રકારના ભોગવિલાસ લખેલા રહેતા. આમાંથી કેટલાંક પોતાનું કર્તવ્ય ભૂલી માત્ર ભોગવિલાસમાં રચ્યાપચ્યા રહ્યા તેમણે પોતાનું રાજપાટ ગુમાવી બરબાદી પણ નોંતરી છે.

આજના સમયમાં રજવાડા ગયા અને રાજવીઓ નથી પરંતુ તેની જગ્યાએ મોટા મોટા રાજકારણીઓ, ઉદ્યોગપતિઓ તથા જનમાનસ ઉપર છવાયેલા વિવિધ ક્ષેત્રોમાં પોતાનું જબરજસ્ત સ્થાન જમાવી ચૂકેલાં આજના અનેક સેલિબ્રિટીઓ લખલૂંટ સંપત્તિના માલિક છે અને ભરપૂર ઐશ્વર્ય ભોગવી રહ્યા છે. ત્યારે તેમના નસીબમાં પણ આજના યુગની ઉપલબ્ધ પ્રત્યેક સુખસાહ્યબી ઉમેરાય છે અને તેમાં વૃદ્ધિ થતી જાય છે. એક પ્રકારે આ ઐશ્વર્ય તેમને ભરપેટ ભોગવિલાસ તરફ દોરી જાય છે. આ ભોગવિલાસની સાથે જોડાયેલા દુષણોને પોતાના જીવનમાં પ્રવેશવા દેવા કે નહીં તે દરેક વ્યક્તિની અંગત પસંદગી રહે છે.

સુખસાહ્યબી અને ભૌતિક સુખસમૃદ્ધિ સાથે ભોગવિલાસમાં રાચતા રંગીન મિજાજના રાજા-રાજવીઓ અને આજના રાજકારણીઓ તથા સેલિબ્રિટીઓ જ્યારે જ્યારે દૈહિક સૌંદર્ય અને વ્યભિચારમાં સંડોવાયા છે ત્યારે અચૂક તેઓએ પોતાના વિનાશને નોંતરી પોતાનું સામ્રાજ્ય ગુમાવ્યું છે અથવા આજના યુગમાં મહામહેનતે મેળવેલી પોતાની પ્રતિષ્ઠા ગુમાવી છે. ભોગવિલાસને જો માત્ર ભૌતિક સુખસાહ્યબી ભોગવવા સુધી સીમિત રાખે અને પોતાના કર્તવ્યને હંમેશા પ્રાધાન્ય આપે, જીવનમાં અન્ય દૂષણો કે વ્યભિચારને સ્થાન ન આપે તો એ વ્યક્તિ સુખેથી તેના ભાગ્યમાં આવેલા ઐશ્વર્યનો ભોગવિલાસ કરી શકે છે.

ઈતિહાસ સાક્ષી છે કે વિશાળ સામ્રાજ્ય અને મોટા રાજ-રજવાડાના રાજા અને રાજવીઓ ભોગવિલાસમાં એટલા ઊંડા ખૂંપી ગયા કે તેમણે પોતાનું રાજપાટ અને સામ્રાજ્ય ગુમાવવું પડ્યું હતું. એનું મુખ્ય કારણ તેમની લંપટતા, દુષણો, અનૈતિકતા અને વ્યભિચાર રહ્યા હતા. આજના યુગમાં પણ આજ સિદ્ધાંત લાગુ પડે છે. બીજી તરફ ભગવાન બુદ્ધ અને ભગવાન શ્રીરામ રાજવી હોવા છતાં પોતાના જીવનની ભોગવિલાસની અવસ્થાનો જનકલ્યાણ અર્થે અથવા પોતાના કર્તવ્યનું પાલન કરવા સુખેથી ત્યાગ કરી ગયા હતાં. ભોગવિલાસની સાથે જ્યાં સુધી વ્યક્તિની કર્તવ્યપરાયણતા, ધાર્મિકતા અને લોકોનું કલ્યાણ કરવાની ભાવના જોડાયેલી રહે છે ત્યાં સુધી તેમનું સ્થાન અને પ્રતિષ્ઠા જળવાયેલી રહે છે નહીંતર તેમનું પતન નિશ્ચિત છે.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 187**
વિષય : ભોગ વિલાસ.
શીર્ષક :જન્મની સફળતા કેવી રીતે.
પ્રકાર : ગદ્ય શબ્દો : ૧૫૫

એક શબ્દ ભોગવિલાસ આમતો બે શબ્દોનો સમુહ.
માણસે ક્યાં ચાલવું , ક્યાં અટકવું, શું ગ્રહણ કરવું, શું છોડવું એ પોતાની મેળે સમજવાનું હોય. તેની પાઠશાળા ના હોય.
માનવ જન્મ મુક્તિનું બારણું કહેવાય પણ આ ક્યારે શક્ય બને.
સંસારની જવાબદારી હોય એટલે પૈસા જરૂરી અને કમાવું પણ જરૂરી.
સમૃધ્ધ થવું પણ જરૂરી.
જીવનમાં આનંદ, મોજ, શોખ પણ હોવા જરૂરી.
યાત્રા પણ જરૂરી અને જાત્રા પણ જરૂરી. ઈશ્વરે સૃષ્ટિ સુંદર બનાવી છે.
એને સમય અને શકિત પ્રમાણે નિહાળવી જોઈએ.
પૈસા છે તો ક્યાં અને કેમ વાપરવા એજ મહત્વનું છે. હરો ફરો પણ ક્યાં અને કોની સાથે એ મહત્વનું છે. જાત્રા કરવા જાવ પણ ધર્મશાળામા ઉતરો અને ભોજન શાળામાં જમો તે પ્રસાદ એટલે કે ભોગ. પણ હોટેલમાં ઉતરો અને જમો તો એ વિલાસ.
આ વિલાસીનતા છોડી સદગુણ અને સંસ્કાર તો માનવ જન્મ સફળ થાય.

ચારુલતા દોશી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 321**
વિષય ભોગવિલાસ
શીર્ષક. "બધું ખોયું જીવ તે."
પ્રકાર . પદ્ય. શબ્દ.૧૦૦

ભોગ વિલાસમાં બધું ખોયું જીવ તે...
દર્શન કીધા ન હરિ તણા રંગરાગમાં બધું ખોયું જીવ તે...
કીર્તન કર્યા ન પ્રભુ કેરા, કુથળી સાંભળવામાં બધું ખોયું જીવ તે...

સાંજ સવાર હરિ સ્મરણમાં, જપમાળ ના જપ્યા નિંદા કરવા માં બધું ખોયું જીવ તે...
મંદિરમાં પગ મૂક્યો નહીં કોઈ દિવસ , મોલ, બગીચે ફરવામાં બધું ખોયું જીવ તે...
પ્રેમ કર્યો નહીં હરિના ચરણોમાં કુસંગ કરવામાં બધું ખોયું જીવ તે...
એહેસાસ કર્યો નહીં સાચા પ્રેમનો ના ઉઘાડ્યા જૂઠના પરદા , આડંબર મા બધું ખોયું જીવ તે...

?? સૂચિતા રાવલ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.: 0101**
વિષય : ભોગવિલાસ
શીર્ષક: અતિનો ત્યાગ
પ્રકાર :ગદ્ય લેખ શબ્દો: ૨૨૯

આજની દુનિયામાં, ઘણી વ્યક્તિઓ વધુને વધુ વૈભવી જીવનશૈલી તરફ આકર્ષાય છે. ભોગવિલાસમાં રમમાણ રહેવું અને ભવ્ય ખર્ચમાં આનંદ લુટાવવો એ સામાજિક મોભાનું પ્રતીક બની ગયું છે, જે ઘણીવાર સફળતા અને ખુશીના માપદંડ તરીકે માનવામાં આવે છે. જો કે, ભોગવિલાસ વૈભવનાં ચમકતાં ચંદરવા નીચે દુશ્ચક્ર ફેલાયેલું છે જે માનવ જીવન પર અનિષ્ટ પ્રભાવ પાડી શકે છે.
વૈભવી અવિવેક, અથવા લકઝરીમાં અતિશય આનંદ, માનવ જીવન પર પણ નકારાત્મક પરિણામો લાવી શકે છે. જ્યારે વ્યક્તિઓ અર્થપૂર્ણ સંબંધો, વ્યક્તિગત વિકાસ અને અનુભવો પર ભૌતિક સંપત્તિને પ્રાધાન્ય આપે છે, ત્યારે તેઓ પોતાને અલગ, એકલા અને અધૂરા અનુભવે છે.
ભોગવિલાસની અવિરત વૃત્તિ પણ ઈચ્છા અને અસંતોષના ક્યારેય ન સમાયેલા ચક્ર તરફ દોરી શકે છે, કારણ કે વ્યક્તિઓ સતત પોતાને અન્ય લોકો સાથે સરખાવે છે તેથી માનસિક દબાણ અનુભવે છે.
ભોગવિલાસની કામનાની તૃપ્તિ મટતી જ નથી જેમ અગ્નિમાં તમે ઘી નાખતાં જાવ તેમ અગ્નિ વધુને વધુ પ્રદીપ્ત થતો જાય. ભોગવિલાસની તીવ્રતામાં ખૂંચેલો માનવી અગ્નિ તરફ આકર્ષાતાં પતંગિયાની જેમ પોતાના અસ્તિત્વને જ દાવ પર લગાવી દે છે.
જ્યારે ભૌતિક સંપત્તિ આરામ અને સુવિધા પ્રદાન કરી શકે છે, ત્યારે તે પ્રાપ્તિ કોઈની સુખાકારી, સંબંધો અને વ્યક્તિગત વિકાસના ખર્ચે ન આવવી જોઈએ. ભૌતિક જીવન માટેનો સંતુલિત અભિગમ સંપત્તિના મૂલ્યને માન્યતા આપે છે જ્યારે અનુભવો, સંબંધો અને વ્યક્તિગત વિકાસને પણ પ્રાધાન્ય આપે છે. ભૌતિક આરામ અને અર્થપૂર્ણ જીવનનિર્વાહ વચ્ચે સંતુલન લગાવીને, વ્યક્તિઓ હેતુ, પરિપૂર્ણતા અને સુખની ભાવના કેળવી શકે છે જે ભોગવિલાસના ક્ષણિક આનંદથી વિશેષ મહત્વનું છે.

ભરત સાંગાણી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog SSO NO:229**
વિષય: ભોગવિલાસ
શિર્ષક:વિનાશક અગનગોળાઓનો દાવાનળ - ભોગવિલાસ
પ્રકાર. : પદ્ય. શબ્દો: ૩૫૦

ઈશ્વરે સર્જેલી આ દુનિયામાં હકારાત્મક અને નકારાત્મક દ્રષ્ટિઓવાળી દૈવી અને દાનવીય સજીવ સૃષ્ટિનું નિર્માણ કરેલ છે. ક્યારેક સર્જનહાર પોતે પણ અચંબામાં પડી જાય તેટલી હતી માનવતા વિહીન ભૂંડા દુષ્કૃત્યો થતા હોય છે.

ગમે તેટલા નિમ્ન કક્ષાના માનવીને તે શું કરી ગયો? કરી રહ્યો છે,?અને તેના સંભવિત પરિણામોનો વિચાર કર્યો હોત તો સારા સંસ્કારી પણ તેમને રોક્યા હોત !જ્યારે ભોગવિલાસી શરમને નેવે મૂકી વ્યભિચારી સ્વાર્થને સર્વસ્વ ગણે છે ત્યારે માનવી રાક્ષસ બની જાય છે.

સૃષ્ટિમાં ભલે કોઈ માનતા હોય કે ન માનતા હોય તો પણ કાળ ચોઘડિયામા ઘડીપળ સ્વસ્થ બેસી રહેવાથી તે વિનાશમાંથી બચી શકાય છે. પરંતુ "કમળો થયો હોય તેને બધું પીળું દેખાય" એ પ્રમાણે નકારાત્મક, સ્વછંદી, કુબુદ્ધિવાળા ભોગવિલાસી માનવી પોતાનાં નઠારાં વાણી-વર્તનથી પોતાનાં જ કુટુંબના અને આસપાસનાં સગાં-સંબંધીઓને ખૂબજ વિચિત્ર, હલકટ, શરમજનક રીતે છેતરીને, ભૂંડી પરિસ્થિતિમાં મૂકીને સારપનો ગેરલાભ લેતાં શરમ, સંકોચ કે ડર રાખતાં નથી.

સ્વકેન્દ્રી ભોગવિલાસમાં ભાન ભૂલેલો માનવી પોતાના વિનાશક, ભૂંડા ભૂતકાળને ભૂલી શકતો નથી - વર્તમાનકાળને પીંખી નાંખે છે અને ભવિષ્યકાળનું ગળું દબાવીને ભીંસી નાંખે છે. તેથી જ તો સુરો અને અસુરોને તેમના કાર્યો ઓળખીને દુનિયા વહેલા કે મોડાં દંડે જ છે.

જે હકારાત્મક, સારા, ઉમદા અને સમજદારીભર્યાં કર્યો કરે છે તે દેવો તરીકે પૂજય છે. પરંતુ જે નકારાત્મક, સ્વાર્થી, સ્વછંદી, ગેરકાયદેસર,ચરિત્રહીન, ભોગવિલાસી,ખરાબ, હિણપતભર્યા અને મૂર્ખામીભર્યા કાર્યો કરે છે તે સમાજ, કુટુંબ અને ઘરની પ્રગતિનાં ક્ષેત્રોમાં અવરોધ પહોંચાડી સર્વેને દુ:ખી બનાવી સૌના ધિક્કારપાત્ર બને છે.

અનાદિકાળથી જ "જર, જમીન અને જોરૂ તે ૩ કજિયાનાં છોરું"એ કહેવત અત્યંત સાચી છે. વળી,જયાં" વસુધૈવકુટુંબકમ"ની ભાવનાઓનો ઉલ્લેખ થાય છે ત્યાં સુશીલ, સમજુ અને શાણા માનવીઓ પૂજાય છે અને તેમના દ્વારા કુટુંબસંસ્થા, લગ્નસંસ્થા,સુધારાત્મક રીતરિવાજો, શાંતિ અને સુમેળભર્યા વાતાવરણ, ધાર્મિક - સામાજિક વાર-તહેવારોની ઉજવણીવાળી ગરીમા અને મહત્તા પણ જળવાય છે.

એકંદરે "જયાં સ્વછતા ત્યાં પ્રભુતા" એ સૂત્ર પ્રમાણે અધર્મીઓ દ્વારા જો સમાજમાં કુટિલનિતિ, લંપટ વર્તન, ભોગવિલાસી વાણી-વહેવાર અને દુરાચાર ફેલાવે તો સમાજ વધુ મલિન બની જાય અને આવા સમાજથી પ્રભુતા જોજનો દૂર ભાગે..!!! પરંતુ સનતન સત્ય એ છે કે દરેકને કર્મના સિદ્ધાંતો પ્રમાણે ફળ અચૂક અહીંજ મળે છે. એટલે દરેકે બુરા કર્મો નો સાચો પસ્તાવો કરી ને સત્કાર્યો કરવા અનિવાર્ય છે....!!!

"પ્રાપાશી" પરેશ મ. પાઠક

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.SS No :.223**
વિષય ભોગ વિલાસ
શીર્ષક અદ્વૈત યોગ વિલાસ
પ્રકાર કાવ્ય. શબ્દો..૧૧૩

સાવ સોનાની લંકા રાવણની થયો સર્વવિનાશ એ ભોગ વિલાસ,
ધૃતરાષ્ટ્ર. શકુની દુર્યોધન રચે મહાભારત એ ભોગવિલાસ.
શિવ થકી જીવ. થયો સંસારી ભોગવવા એ ભોગ વિલાસ,.
પામી શિવભક્તિ રહસ્ય મર્મ;
જીવ જ શિવ છોડે ભોગ વિલાસ.
જાળ રચી પંચેન્દ્રિય જીવ ફસાય એ ભોગ વિલાસ
પણ જાગૃતિ ધ્યાન રહે તો ના રહે એ ભોગ વિલાસ
જન્મોજન્મની વાસના કર્મો બને છે એ ભોગ વિલાસ.
જો વીજળીના ચમકારે જાગે આત્મારામ ના રહેભોગ વિલાસ
તન મન ચંચળ વિવશ કરાવે કામ છે એ ભોગ વિલાસ
જો રહે શ્યામ ચરણ શરણ ભક્તિ સદા રંગ
જ્યાં જ્યાં અવિધા દ્વૈત એ છે મૂળ ભોગ વિલાસ
વેદ ઉપનિષદ એમ કહે અદ્વૈત જ યોગવિલાસ

દેવેન્દ્ર આચાર્ય

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***N.O.G SS- NO.338***
★વિષય :- ભોગ વિલાસ★
★શીર્ષક - સંતોષ - સુખનો રાજમાર્ગ★
★પ્રકાર- ગદ્ય -શબ્દો : ૧૯★

એક ભજન સાંભળેલ
★જીવ શાને ફરે છે ગુમાનમાં તારે ★રહેવું★ ★ભાડાના મકાનમાં★ ખરેખર સાચી વાત છે . આપણે આ દુનિયામાં અઢળક સંપત્તિ કમાઈએ એનું અભિમાન પણ કરીએ પરંતુ એ ન ભૂલવું જોઈએ કે આપણું આ શરીર જ ભાડાનું મકાન છે . આપણો આત્મા એ દેહરૂપી મકાનમાં રહે છે ભલે ગમે એટલા મોટા બંગલા બંધાવીએ ઘણી મિલકત ભેગી કરીએ પણ આખરે તો આ દેહરૂપી મકાન છોડીને આપણા આત્માએ એક દિવસ પરમાત્માના ધામમાં જ જવાનું છે . આ યાદ રાખીએ તો જીવનમાં ક્યારેય કોઈ ખોટું કર્મ ન કરીએ . કારણ કે આ ઐશ્વર્ય ,આ એશોઆરામ, આ સંપત્તિ એ બધું જાણે ચાર દિવસની ચાંદની છે અને ભોગોને ભોગવવાથી એ ક્યારેય પૂર્ણ થતા નથી એ તૃષ્ણા ,લાલસા વધતી જ જાય છે જેવી રીતે અગ્નિ માં દ્રવ્યો હોમવાથી તે વધુ પ્રજવલિત થાય છે.માણસ વધુ ને વધુ પૈસા ભેગો કરતો જાય છે અને છતાં એને કોઈ દિવસ તૃપ્તિ થતી જ નથી તો આ - મોજમજા સુખચેનને બદલે જો આપણે આધ્યાત્મિક દ્રષ્ટિ કેળવશું તો સુખી થશું અને સ્વાર્થ ને બદલે પરમાર્થ અને આરામને બદલે પરસેવો પાડી પર-સેવા નો મંત્ર અપનાવશું તો આ અમૂલ્ય મનુષ્યજીવન સાર્થક થશે. સંસ્કૃતનો એક શ્લોક પણ આ જ બાબત સમજાવે છે ★સંતોષરૂપી અમૃતથી તૃપ્ત થયેલા શાંત લોકોને જે સુખ મળે છે તે ધન માટે આમ તેમ દોડતા ધનના લોભી -લાલચુ લોકોને ક્યાંથી મળે★? તો ક્ષણિક આનંદ અને ભૌતિક સુખ માટે જીવન નો અમૂલ્ય સમય બરબાદ કરવાને બદલે સંતો - મહાપુરૂષોને પગલે ચાલી,સમાજને ઉપયોગી બની આપણું જીવન સાર્થક કરીએ. .

★મૌલિક લેખન★ -
★નિહારિકા અંજારિયા નેહા★
★(આદિપુર - કચ્છ)★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:–335**
વિષય:– ભોગવિલાસ
શીર્ષક:–ઈચ્છાઓના વળામણાં
પ્રકાર:– ગદ્ય શબ્દો:–૧૭૫

ભોગવિલાસ એટલે અય્યાશી, એશોઆરામ અને મોજ–શોખ. સારું અને મનગમતું જીવન જીવવા માટે આપણે સરળ અને સાચું જીવન જીવવાની મજા ખોઈ બેસતાં હોઈએ છીએ. ન ખાવાનું ખાઈએ, ન પીવાનું પીએ, ન જોવાનું જોઈએ. આ બધું ભોગ વિલાસ નથી તો શું છે ? ભોગવિલાસના કારણે આજે ઘરમાં પણ પારિવારિક ઝગડાઓ વધુ પ્રમાણમાં જોવાં મળે છે. ઈચ્છાઓ સમયસર પૂરી ન થવાને કારણે પણ ઘરમાં કલેહ, કંકાસ વધવાની સાથે તેની સીધી જ અસર આપણાં મન ઉપર પડે છે. મન આપણું ત્યારે બગડે છે જ્યારે આપણી ઈન્દ્રિયો ભોગવિલાસ માટે ભટક્યાં કરે છે. આપણે ઈન્દ્રિયોની અનેકવિધ ઈચ્છાઓને પૂરી કરવા માટે આપણે ન કરવાનાં કામો કરીએ છીએ, ઘણાં આત્માઓને દુ:ખી કરીએ છીએ. ભોગ વિલાસથી છુટકારો મેળવવો એ કોઈ કાયર વ્યક્તિનું કામ નથી. જ્યારે મનુષ્ય પોતાની ઈન્દ્રિયોને ઘ્યાન વડે આવરી ( કાબૂમાં ) લ?ઈ અને તેના પર વિજય ત્યારે જ મેળવીએ છીએ જયારે સત્ય, અસત્યની પરખ થાય, પોતાનાં અંતરાત્માની જ્ઞાનેન્દ્રિયોની પણ શુદ્ધિ થાય, દિવ્ય તેજોમય પૂજય પૂરણ પુરુષોત્તમ પરમાત્માની પ્રાપ્તિ જો થાય, સાચા સંતોનો સત્સંગ અને સાથે સાચા સદગુરુનું શરણું મળે, યોગ્ય સમયે સારા મિત્રો મળે એ જ જ્ઞાની મહા પુરુષની અય્યાશી હોય શકે છે.

??? બીના આહીર 'ધરતી ' ભાવનગર રાજપરા ખોડિયાર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 0050**
વિષય - ભોગવિલાસ
શીર્ષક - બધું ખોયું જીવડાં
પ્રકાર - પદ્ય, શબ્દો - ૮૫.
.......................................
અતિશય ભોગવીલાસમાં
બધું ખોયું જીવડા પ્યારે ,
જેને મન ભોગનો વિલાસ ,
તેને લાગ્યો સકળ દોષ ,
વસ્તુઓ માટે દોડતો શું..?

તને બીજાની તકલીફ ના દેખાય,
નીકળો ચહેરા પર નકાબ જોને, સ્વપ્ન પૂરા થયા કરે દોડાદોડ, તરુણ - તરુણીઓ માટે એ સરળતા...!

આત્માઓના આત્મને શુદ્ધ કરવા,
મનને ખુશ કરવા મૂર્ખ ભોગવ વિલાશ કરે ,
ઈન્દ્રિયો દ્વારા છેડતી કરતો એતો,
સુખનો માર્ગ શોધવા પ્રાર્થના કરતો માનવ...!

આત્મસાક્ષાત્કારની સ્વ સાથે સંવાદ કરે ,
જીવડો સુખવાદીને સુખવિધાવાદી હોય છે,
ઈચ્છાઓને ભોગવી શકે જગતમાં શક્ય નથી,
બધું ખોવે છે જીવડો..!

ઈચ્છાઓ અનંત છે નિયંત્રિત કરો..!

રાગિની શુક્લ "રાગ"મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**SS No: 126**
વિષય; ભોગ વિલાસ
શિર્ષક: કર્તૃત્વ અને ભોક્તૃવ.
નામ મોહનભાઈ પરમાર ' આનંદ '
શબ્દો:૩૪૪

અનંત જન્મોનું પોટલું ( સંચિત કર્મો) લઈને જીવ ચોર્યાસી યોનિમાં ચક્કર ફર્યા કરે છે, આ જીવભાવે કર્તા હોવું અને પરિણામે ભોગવવાની વૃત્તિથી ભોક્તા થવું. આ કર્તા ભાવ દ્વારા સકામ કર્મો અને એના ફળની પ્રાપ્તિ માટે,પુરુષાર્થ કરતાં,જીવ ભાવે અનંત જન્મોથી અવિરતપણે ચાલ્યા કરતી જન્મ અને મરણની પ્રાકૃતિક ઘટમાળ માં જીવ ટેવાઈ ગયો છે. એ સુઝબુઝ ખોઈ બેઠો છે. એનો અહંકાર જ એના પતનનું મૂળ કારણ છે.

હું તો ચૈતન્ય સ્વરૂપ છું, એક આત્મા છું, પરંતુ જ્યારે આ ચેતના કંઈક જોઈએ છે.કંઈ પામવાની ઈચ્છા અને તીવ્ર વાસના કે ભોગવવા ની લાલચ લાગે ત્યારે જીવ ભાવે કર્તવ્ય દ્વારા, એ વસ્તુ સ્થિતિ કે પરિસ્થિતિ ને પામીને કે ભોગવી ને , સુખી થવા ઈચ્છે છે. પરંતુ પરિણામ તો વિપરીત આવે છે.

કારણકે બધા જ ભોગો , વસ્તુઓ અને પરિસ્થિતિ નાશવંત છે, પરિવર્તનશીલ છે. એમાં સુખ દુ:ખ મળે છે,પણ એનું સાતત્ય નથી, કારણકે એ દુન્યવી છે, છતાંય એ દ્વારા મળતા સુખને ભોગવવાની લાલસા ના કારણે જ આ સંસાર ચાલી રહ્યો છે.

હવે,આ લીલા એટલે કર્તવ્ય કે કર્તા ભાવ માંથી છૂટવાનો સહેલો ઉપાય, ગીતા મા કહ્યો છે,એ છે અનાસકિત યોગ, એટલે કે કશાય નો મોહ રાખ્યા વગર, નિષ્કામ ભાવે ,આવી પડેલું નિત્ય, નૈમિત્તિક કર્મ અકર્તા ભાવે કરવાથી,તમે ભોકૃતત્વના ભાવથી છૂટકારો મળશે અને જીવતે જીવ કર્મ બંધનોથી મુક્તિનો આનંદ માણવા મળશે. સાચું જીવન શું છે, પ્રેમ આનંદ, શાંતિ એ શબ્દો નહીં પણ એની સાચી અનુભૂતિ થશે.

ક્રિયમાણ એટલે વર્તમાન કર્મ, સંચિત એટલે જે કર્મો ની પોટલી, સંસ્કાર બીજ,કે નિયતિ અને ત્રીજું પ્રારબ્ધ એટલે આ જન્મમાં ભોગવવા ના કર્મો ,આ ત્રણેય થી છૂટકારો અકર્મણ્યતા એટલે નિષ્કામ ભાવે કરેલા કર્મ જ આપશે.બીજો કોઈ માર્ગ નથી. આ સીધી સમજણ છે. જેને સમજાય છે એ જીવનમુક્તિનો અનુભવ અહીં વર્તમાનમાં જ પામે છે.

ભગવાન શ્રી કૃષ્ણ તો કહે છે. કંઈ પણ સમજણ ના પડે તો ફક્ત મારી પ્રીતિ માટે કર , એટલે કે તું જે કરે તે બધું મને અર્પણ કરી દે, પછી ભલે તું સૌથી મોટો પાપી કેમ નથી હોતો હું તને શાશ્વત સુખ શાંતિ સમૃદ્ધિ અને આનંદ આપીશ,શરત એટલી ફક્ત મારે શરણે આવ, શ્રીકૃષ્ણ શરણં મમ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 188**
વિષય : 'ભોગવિલાસ'
શીર્ષક : " ડુબ્યો ભોગવિલાસમાં "
પ્રકાર : પદ્ય - શબ્દો : ૪૧

જીવનભર ડુબ્યો રહ્યો ભોગવિલાસમાં.
ને જીવતો રહ્યો છે હમેશાં આભાસમાં.

ભૌતિક સર સામાનને સમજીને એ સુખ,
હદથી પણ વધારે ભરતો રહ્યો આવાસમાં.

અતિ ભોગવિલાસમાં રાજાના રાજ ગયાં,
પાછું વળી જોઈલો એકવાર ઈતિહાસમાં.

પાશ્ચાત્ય સંસ્કૃતિની દેખાદેખીમાં "વ્યોમ"
ભીંસાતો જાય છે વ્યસનનાં નાગપાશમાં.

નામ:-?... વિનોદ. મો. સોલંકી "વ્યોમ"

જેટકો (જીઈબી), મુ. રાપર.

# ધર્મ અને સરહદની રક્ષા કાજે શાસ્ત્રની સાથે શસ્ત્ર બન્નેનો ઉપયોગ કરે એજ સાચો ક્ષત્રિય : જગદગુરુ ૧૦૦૮ શ્રી શાંતિદાસજી મહારાજ



વેડહાર મોટી મધ્યે ત્રિ દિવસીય માલણ માતાજી મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત સંતો મહંતો ભૂદેવો દ્વારા અગિયાર જોડલાએ સતત ત્રણ દિવસ સુધી હવનમાં આહુતિ આપી હતી . અંતીમ દિવસે દિવસે નાળિયેર હોમવામાં આવ્યું હતું. શ્રી માલણ માતાજી મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અનેક રાજકીય તેમજ સામાજિક આગેવાનોની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.ત્રિદિવસીય કાર્યક્રમમાં હોમ હવન, મહાઆરતી તેમજ શોભાયાત્રા ગામના મુખ્ય માર્ગો પરથી નિકળી હતી. શોભાયાત્રામાં વિવિધ વેશભૂષાએ ખાસ આકર્ષણ જમાવ્યુ હતું. તો સંતોના સામૈયામાં વેડહારના યુવાનો દ્વારા તલવાર રાસના પ્રદર્શને લોકોને મંત્ર મુગ્ધ કર્યા હતા.રાત્રે ભવ્ય સંતવાણી યોજાઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે નખત્રાણા તાલુકાના સરહદ પર આવેલું મોટી વેડહાર એક માત્ર હિન્દુ વસ્તી ધરાવતું ગામ છે.જે પાકિસ્તાનની સરહદ નજીક આવેલું તેમજ આજુબાજુના વીસ કીમી ના ત્રિજ્યા માં કોઈ હિંદુઓ નું ગામ નથી. એવા મોટી વેડહાર ગામમાં સોઢા ક્ષત્રિય સમાજની જ વસ્તી હોઈ ગામનાં બુઝર્ગો તેમજ યુવાનો અનેક વિષમ પરિસ્થિતિમાં પણ છેલ્લાં પચાસ વર્ષથી સરહદના સંત્રીની ભૂમિકા નિભાવી રહ્યા છે.ગામમાં હાલ એકજ વર્ષમાં ત્રણ મંદિરો નિર્માણ પામ્યા છે. જેમાં વીર હમીરજી દાદાનું મંદિર તેમજ હાલ માલણ માંના મંદિર મૂર્તિનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હવે શિવ મંદિર નું નિર્માણ કાર્ય પણ પૂર્ણ થઈ રહ્યું છે આમ એક વર્ષ માં ત્રણ મંદિર વેડહાર માલદે ભાયાત નિર્માણ કરી ઉમદા કામગીરી કરી છે .વેડહાર ગામે તારીખ બે થી ચાર એપ્રિલ દરમિયાન ત્રણ દિવસ માલણ માતાજી મંદિરે માં માલણ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રથમ દિવસે સવારે દેહશુદ્ધિ ,ગણપતિ પૂજન ,અગ્નિ સ્થાપન ,

મહાઆરતી, થાળ સહિત ધાર્મિક વિધિમાં અગિયાર જેટલા જોડલાએ ભાગ લીધો હતો બીજા દિવસે જલયાત્રા (નગર યાત્રા) મુખ્ય માર્ગો પરથી નિકળી હતી.

ધર્મ સભામાં જગદગુરુ શ્રી શ્રી ૧૦૦૮ સ્વામી શાંતિદાસજી મહારાજ (વિરાણી રામ મંદિર) હરિસિંહ દાદા (ગુનેરી) જગજીવનદાસ (બિબ્બર) બાલકનાથ ( નખત્રાણા) દિલિપ રાજા કાપડી , યોગી શ્રી મહેશનાથજી ,પીર શ્રી ભેરજી દાદા ,શોભળ સિંહજી દાદા દેવી શ્રી અંતરબા માતાજી (સચ્ચિયાધામ નેત્રા ) સહિત સંતો ધર્મસભામાં ઉપસ્થિત રહ્યા હતા

ધર્મ સભા સંબોધન કરતા શાંતિદાસ બાપુએ વેડહાર ગામ લોકોને સાચા સરહદ રક્ષક અને ધર્મ રક્ષક તરીકે ગણાવ્યા હતા.આવા સરહદી ગામમાં ધર્મની ધજા લેહવરાવી શસ્ત્રને શાસ્ત્ર બંને ગુણો હોય એજ સાચો ક્ષત્રિય એવું જણાવ્યુ હતું.

સોઢામાં બને ગુણ હોવા થી સાચા અર્થમાં ક્ષત્રિય ધર્મ નિભાવા છે તો અન્ય સંતો મહંતો પણ પ્રવચનો કર્યા હતા

ધર્મ સભા સંબોધતા હિન્દુ યુવા સંગઠન રાષ્ટ્રીય અધ્યક્ષ રઘુવીરસિંહ જાડેજાએ જણાવ્યું હિન્દુત્વ સાથે આ ગામ લોકો રાષ્ટ્ર સેવા માટે આજે પણ સરહદ સંત્રી તરીકે સેવા બજાવે છે

આ ધાર્મિક પ્રસંગે અબડાસા ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા રામદેવસિંહ જાડેજા મહામંત્રી ક્ષત્રિય સમાજ ગુલાબસિંહ જાડેજા માજી નાયબ કલેક્ટર શ્રી હિંમતસિંહ સોઢા રાપર તાલુકા પંચાયત માજી પ્રમુખ હમીરજી સોઢા જસુભા સોઢા કરશનજી જાડેજા જિલ્લા પંચાયત સદસ્ય સહિત કચ્છ ભર થી મોટી સંખ્યામાં લોકોએ ત્રી દિવસીય કાર્યક્રમમાં ભાગ લીધો હતો સમગ્ર કાર્યક્રમ દરમિયાન માલણ માં મંદિર સમિતિ યુવાનો વ્યવસ્થા સાભળી હતી સચાલન લક્ષ્મણસિંહ સોઢા ને આભાર વિધી નરસિંહ ભુરજી સોઢા કરી હતી.

### સિક્કિમ પ્રોફેશનલ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર પ્રોફેસર

# રમેશ કુમાર રાવતે એસ્ટ્રો જર્નાલિસ્ટ ડૉ અવિનાશ શાહ અને વરિષ્ઠ પત્રકાર બ્રિજેન્દ્ર ઝાલાનું સન્માન કર્યું

સિક્કિમ પ્રોફેશનલ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર, પ્રોફેસર (ડૉ.) રમેશ કુમાર રાવતે સિક્કિમ પ્રોફેશનલ યુનિવર્સિટી વતી પ્રખ્યાત જ્યોતિષી, વાસ્તુ નિષ્ણાત અને ખગોળ પત્રકાર ડૉ. અવિનાશ શાહ અને મધ્યપ્રદેશના ઇન્દોરના વરિષ્ઠ પત્રકાર બ્રિજેન્દ્ર સિંહ ઝાલાને તેમની ઉત્તમ સેવાઓ બદલ સન્માનિત કર્યા.

પ્રોફેસર રાવતે ડૉ. શાહ અને ઝાલાને યુનિવર્સિટી તરફથી સ્કાર્ફ, પ્રતીક અને કેલેન્ડર આપીને સન્માનિત કર્યા. ઝાલા અને ડૉ. શાહે સિક્કિમ પ્રોફેશનલ યુનિવર્સિટીની કામગીરી, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને શિક્ષણ શૈલીની પ્રશંસા કરી. ડૉ. શાહને જ્યોતિષ અને વાસ્તુ



ક્ષેત્રમાં કામ કરવાનો લાંબો અનુભવ છે. જ્યોતિષ અને વાસ્તુ ઉપરાંત, તેમણે ફાર્મસીમાં પીએચડી પણ કરી છે. કથા ઘણા સમયથી જ્યોતિષ અને વાસ્તુ પર લેખો લખી રહી છે. તે જ સમયે, ઝાલાને પત્રકારત્વના ક્ષેત્રમાં ત્રણ દાયકાથી વધુનો અનુભવ છે. લગભગ અઢી દાયકાથી, તેઓ વિશ્વના પ્રથમ હિન્દી વેબ પોર્ટલ વેબદુનિયામાં ન્યૂઝ એડિટર તરીકે કાર્યરત છે.

# કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી ડો.અંજુ શર્માએ પ્રાકૃતિક ડાંગની મુલાકાત લીધી

આહવા-ડાંગ

કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી ડો.અંજુ શર્માએ આજરોજ પ્રાકૃતિક ડાંગ જિલ્લાની મુલાકાત લીધી હતી. ડાંગ જિલ્લાની મુલાકાતે પધારેલ સચિવશ્રીએ સૌ પ્રથમ વઘઈ તાલુકાના જામલાપાડા ખાતે અંબિકા હળદર ફાર્મની મુલાકાત લીધી હતી. જ્યાં હળદર પ્રોસેસિંગ યુનિટની મુલાકાત લીધી હતી. અહીં શ્રી કાશીરામભાઈ બિરારી દ્વારા પ્રાકૃતિક ખેતીથી પકવેલ



હળદર વિશે સચિવશ્રીને હળદર પ્રોસેસ વિશે અવગત કરાવ્યા હતાં. સાથે જ અહીં ઓટલો એફ.પી.ઓ ની મુલાકાત કરી સખી મંડળ દ્વારા બનાવવામાં આવેલ વિવિધ પ્રાકૃતિક પ્રોડક્ટ વિશે જાણકારી મેળવી હતી. સખી મંડળ દ્વારા ડાંગ જિલ્લાની પ્રાકૃતિક પ્રોડક્ટ માંથી વિવિધ વસ્તુઓ બનાવી તેનું વેચાણ કરવામાં આવે છે ત્યારે આ તમામ પ્રોડક્ટ ઉપર લણણી તેમજ ઉત્પાદનની તારીખ લખવાનું સૂચવ્યું હતું. જે બાદ સચિવશ્રીએ જામલાપાડા ખાતે આવેલ ફાર્મર પ્રોડ્યૂસર કંપની- પ્રાકૃતિક ખેત પેદાશ વેચાણ કેન્દ્ર અને પ્રોસેસિંગ યુનિટની મુલાકાત કરી હતી. ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની લિમિટેડ દ્વારા આવશ્યક સિંચાઈના સાધનોમાં યોજનાનો લાભ મળી રહે તેવી અધિકારીશ્રીઓને હિમાયત કરી હતી. જે બાદ સચિવશ્રીએ અંબિકા બાગાયત ઉત્પાદક સહકારી મંડળી જામલાપાડા ખાતે કાજુ પ્રોસેસિંગ યુનિટની પણ મુલાકાત કરી હતી. આ ઉપરાંત સચિવશ્રી ડો. અંજુ શર્માએ રિદ્ધિ સિદ્ધિ સખી મંડળ, પ્રાકૃતિક ખેત પેદાશ તથા બેકરી પ્રોડક્ટ ઉત્પાદન નડગખાદી, તેમજ ગોર્યા ગામે પ્રાકૃતિક ખેતીના પ્રગતિશીલ ખેડૂત શ્રીમતી સાવિત્રીબેન રણજીતભાઈના ખેતરની મુલાકાત કરી હતી. જ્યાં તેઓએ પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અંગેની વિગતો મેળવી પ્રાકૃતિક ખેતર તેમજ ખેતી અંગેની વિગતો મેળવી હતી.

# ગુજરાતમાં ગન કલ્ચર: વટ પાડવા ડાયરા કલાકારોએ પણ હથિયારો ખરીદયાની આશંકા, ગોલિવૂડમાં ચર્ચા



નાગાલેન્ડ અને મણિપુર રાજ્યના સરકારી વિભાગના નામે હથિયારો માટેનું બોગસ લાઈસન્સ ઈસ્યુ કરીને તેના દ્વારા ખૂબ મોટાપ્રમાણમાં હથિયારોની ખરીદી કરવાના મામલે તપાસ કરી રહેલી એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (છ્જી)ની તપાસમાં એક પછી એક ચોંકાવનારા ઘટસ્ફોટ થઈ રહ્યા છે. જેમાં સૌરાષ્ટ્રમાં બોગસ લાઈસન્સથી ખૂબ મોટા પ્રમાણમાં હથિયાર ખરીદી કરાયાની વિગતો મળી રહી છે. આ ઉપરાંત અમદાવાદના એક મોટા ગજાના રાજકીય વ્યક્તિના અનેક નજીકના લોકોએ પણ લાઈસન્સ મેળવ્યાની સાથે દક્ષિણ ગુજરાતના એક ધારાસભ્યના નજીકના સગાનું નામ એટીએસને તપાસમાં જાણવા મળ્યું છે. નાગાલેન્ડ અને મણિપુર રાજ્યથી કાયદેસરનું લાઈસન્સ ઈસ્યુ કરી આપવાનું કહીને ત્યાંની સરકારના નામે હથિયારના બનાવટી લાયસન્સ ઈસ્યુ કરવાના કેસમાં એટીએસ તપાસ કરી રહી છે. આ ઉપરાંત ગુજરાતના અન્ય શહેરોની સ્પેશીયલ ઓપરેશન ગ્રુપના અધિકારીઓને એક પછી એક અનેક ચોંકાવનારી વિગતો મળી રહી છે. જેમાં મુખ્ય સાત આરોપીઓ પાસેથી મળેલી વિગતો અને ત્યારબાદ શરૂ કરવામાં આવેલી તપાસમાં જાણવા મળ્યું હતું કે, આરોપીઓએ બનાવટી લાઈસન્સ પર એકથી વધુ હથિયાર ખરીદીને લાખો રૂપિયામાં વેચાણ કર્યા હતા. એટલુ જ નહી બોગસ લાઈસન્સમાં ચેડા કરીને લાઈસન્સ પણ મોટી રકમ વસુલીને આપ્યા હતા. એટીએસ દ્વારા એકયાદી કરવાની સાથે રાજકોટ, બોટાદ, સુરેન્દ્રનગર, પોરંબદર અને ભાવનગર સહિતના વિસ્તારોમાં તપાસ શરૂ કરી છે.

બીજી તરફ તપાસમાં એવી વિગતો આવી છે કે અમદાવાદના એક મોટાગજાના રાજકીય વ્યક્તિ સાથે આરોપીઓને મિલિભગત હોવાથી તેમણે અનેક બોગસ લાઈસન્સ ઈસ્યુ કરાવ્યા છે. આ ઉપરાંત દિક્ષિતના એક ધારાસભ્યના પણ હથિયાર હોવાની વિગતો એટીએસની તપાસ ખુલી છે. સાથેસાથે સુરેન્દ્રનગર જિલ્લાના એક અનુભવી રાજકીય વ્યક્તિના અનેક સગાને પણ લાઈસન્સ ઈસ્યુ કરાવ્યાની વિગતો સામે આવતા હતા. હવે આ કેસમાં રાજકીય વળાંક આવતા એટીએસના અધિકારીઓ મુંઝવણમાં મુકાયાનું જાણવા મળ્યું છે.નાગાલેન્ડ-મણિપુરમાં વસવાટના ખોટા દસ્તાવેજો આધારે લાઈસન્સ અને હથિયાર ખરીદવાનો પર્દાફાશ થયો છે. ત્યારે એવી ચર્ચા છે કે, કેટલાંક ડાયરાના કલાકારો પણ શંકાના ઘેરામાં છે કેમ કે, તેમણે પણ ગેરકાયદે રીતે હથિયાર ખરીદ્યા છે. ગેરકાયદે લાઈસન્સ અને હથિયાર પ્રકરણમાં હજુ મોટા ખુલાસો થઈ શકે તેમ છે. ગેરકાય રીતે રિવોલ્વર અને લાયસન્સ અપાવવામાં જેની મુખ્ય ભૂમિકા રહી છે તે અર્જુન અલગોતર કેટલાંક ગુજરાતી કલાકારોના સંપર્કમાં હોય તેવી ચર્ચાએ જોર પકડયુ છે. અર્જુન અલગોતરે જ ડાયરાના કલાકારોને ગેરકાયદે રીતે લાઈસન્સ અને રિવોલ્વર અપાવ્યાં છે. હવે જ્યારે આ પ્રકરણમાં માઈન્ડ માસ્ટર સૌકતઅલી હરિયાણાથી પકડાયો છે ત્યારે હજુ ચોંકાવનારી માહિતી બહાર આવશે. ગેરકાયદે રીતે રિવોલ્વર અને લાયસન્સ કૌભાંડ પકડાયુ છે ત્યારે ડાયરાના કલાકારોએ મૂંઝવણમાં મૂકાયા છે. રાજકીય વગ આધારે સમગ્ર પ્રકરણથી બચવા દોડધામ મચાવી છે. પોલીસ આ દિશામાં તપાસ કરશે તો વટ પાડવા હથિયાર ખરીદનારાંઓના નામ ખુલી શકે છે.

# ડીસા તાલુકા પેન્શનર્સ એસોસિએશન દ્વારા ૨૩ મા પેન્શનર્સ ડે ની ઉજવણી અને સાધારણ સભા યોજાઈ

લાયન્સ ક્લબ હોલ ડીસા ખાતે નાગરભાઈ કે. પરમાર પ્રમુખની અધ્યક્ષતામાં ડીસા તાલુકા પેન્શનર્સ એસોસિએશન દ્વારા ૨૩ મા પેન્શનર્સ ડે ની ઉજવણી અને વાર્ષિક સાધારણ સભા યોજવામાં આવી હતી. આ કાર્યક્રમ ના ઉદ્ઘાટક ડૉ.મનોજ અમીન (એમ.એસ .અને ઇ.એન.ટી. સર્જન )અને ડૉ.મુકેશ ચૌધરી (એમ.એસ. કેન્સર સર્જન ), મુખ્ય મહેમાન જે.જી .દરજી (મહામંત્રી ,પેન્શનર સમાજ અમદાવાદ ), એસ.એસ. વાઘેલા પ્રમુખ, (બ.કા.જિલ્લા પેન્શનર્સ એસોસિએશન) , રાજેન્દ્રભાઈ પુરોહિત, નિવૃત્ત ખેતીવાડી અધિકારી ,ભોજનદાતા,







ત્રિભોવનભાઈ જે. પટેલ , શાલ દાતા,અને બહોળી સંખ્યામાં પેન્શનર્સ એસોસિએશનના ભાઈઓ ,બહેનો તેમજ આમંત્રિત એન.જી.ઓ.ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. નાગરભાઈ કે .પરમાર પ્રમુખ દ્વારા શાબ્દિક સ્વાગત કર્યા બાદ મહેમાનોનું ફૂલહાર,શાલ ઓઢાડી તેજસ્વી વિદ્યાર્થીઓ નું સન્માન પત્ર અને મોમેન્ટો આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું ભરતભાઈ ઠક્કર, ભાગ્યશાળી સામાજીક કાર્યકર નુંવિશેષ સેવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું. એમ.એફ. મંડોરી દ્વારા ગત વર્ષના થયેલ ખર્ચ ના હિસાબોની રજૂઆત કરવામાં આવી. ઉપસ્થિત સૌ સભ્યોએ બહાલી આપી હતી .ડૉ.મનોજ અમીન દ્વારા પેન્શનર્સ ને તંદુરસ્ત રહેવા અને કાર્યશીલ રહેવા બદલ અભિનંદન આપ્યા હતા. ડૉ.મુકેશ ચૌધરી ,કેન્સર સર્જન દ્વારા કેન્સર થવાના કારણો અને કેન્સર થયા બાદ કાળજી લેવા અંગે માર્ગદર્શન આપ્યું હતું . જે. જે. દરજી મહામંત્રી દ્વારા સાંપ્રત સમયમાં સરકારશ્રી દ્વારા કર્મચારીઓને મળવાપાત્ર વિશેષ લાભ અને કર્મચારી ની માંગણીઓ અંગે બૃહદ ચર્ચા કરી હતી. કાર્યક્રમના અધ્યક્ષ શ્રી નાગરભાઈ કે. પરમાર દ્વારા પેન્શનર એસોસિએશન દ્વારા થતા વિશેષ કામગીરી અંગે વિસ્તૃત છણાવટ કરી હતી .ભગવાનદાસ ઠક્કર , બંધુ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. પ્રવીણભાઈ સાધુ ,કારોબારી સભ્ય દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી. પ્રમુખ, મંત્રી અને કારોબારીના સભ્યો ના સહિયારા પ્રયત્નો દ્વારા કાર્યક્રમને સફળતા મળી હતી.

# સહિયર ગ્રુપ સંગઠન દ્વારા ૩૭ બહેનો નુ ટ્રોફી તેમજ શાલ અને સર્ટીફીકેટ આપી સન્માન

ગત રવિવારે તા-૧૩-૪-૨૦૨૫ ના રોજ કચ્છ જીલ્લા ના આદિપુર લુહાર જ્ઞાતિ ની વાડીમાં સ્વ.કાજલબેન રાવલની યાદમાં મનોજભાઈ રાવલ દ્વારા તેમની પત્ની ની પ્રથમ પુણ્યતિથિ ગુજરાત ની વિશિષ્ઠ પ્રતિભા સંપન્ન સન્નારીઓ ને એવોર્ડ આપી સન્માન કરવા નું વિચાર્યું અને તેમની આગેવાનીમાં સહિયર ગ્રુપ સંગઠન દ્વારા ૩૭ બહેનો નુ ટ્રોફી તેમજ શાલ અને સર્ટીફીકેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક અને જનફરિયાદ સાપ્તાહિક ના તંત્રી શ્રી પ્રદીપ રાવલ ની તેમજ મેનેજીંગ તંત્રી અને Junfariyadnews







ચેનલના એડીટર મીનાક્ષી રાવલ ની પસંદગી કરવામાં આવી હતી. એડીટર પ્રદીપ રાવલ નું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં સહિયર ગ્રુપ ની ગુજરાત રાજ્ય ના દરેક જીલ્લા માથી પ્રતિભા સંપન્ન બહેનો એ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો .

ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક મેનેજીંગ તંત્રી, જન ફરિયાદ સાપ્તાહિક મેનેજીંગ તંત્રી જનફરિયાદન્યુઝ યુટયુબ ચેનલ વિડિયો એડીટરમેનેજીંગ એડીટર અને શિક્ષણ વિદ મીનાક્ષી રાવલ ને એવોર્ડ અને સર્ટીફીકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.